# ચૈતન્યશિલ્પીની ગરિમા

૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૭૭. પૂ. દેવ્યાનીબેન શાહ

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. રંજનબેન |
| પિતાનું નામ | : | પૂ. અમૃતભાઇ |
| ભાઇ | : | - |
| બહેન | : | પૂ. આનંદીબેન, પૂ. કુમુદબેન, પૂ. ભાવનાબેન, |
| મૂળ ધર્મ | : | જૈન |
| જ્ઞાતિ | : | વાણિયા |
| અભ્યાસ | : | B. Com. |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૪-૧૧-૧૯૬૮ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૬-૧૯૭૧ |
| કેન્દ્ર નંબર | : | ૭૦ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ખપી જવું છે, ખમી ખાવું છે ને ખોવાઇ જવું છે.**

પૂ. દેવ્યાનીબેનના કુટુંબમાં બેનકુંવરબેન સંઘવી થકી સત્સંગ થયો. પહેલાં તો ચુસ્ત જૈન વાણિયા હતાં તેથી નાનપણથી જ પિતાશ્રી સાથે રોજ દેરાસરમાં જાય. પૂજા કરે ને મનોમન નક્કી જ કર્યું હતું કે મારે લગ્ન તો કરવા જ નથી કારણ લગ્ન વખતે જે અગ્નિ પ્રગટાવે તેનાથી અનેક જીવ જંતુ મરી જાય, આમ હિંસા થાય.

બેનકુંવરબેને કહ્યું કે, 'તારદેવ આવો ત્યાં અમારા ભગવાન છે.' ત્યારે

તેમના મમ્મીએ સંકલ્પ કર્યો કે ખરેખર ભગવાન હોય તો પંદર દિવસમાં મારા ઘરે આવે અને ચૌદમા દિવસે જ પ.પૂ. બા અને પ.પૂ. જ્યોતિબેન તેમના ઘરે ગયા ને તેમને પ્રતિતી થઈ. દેવ્યાનીબેન ૧૧ વર્ષનાં હતાં ને તેમના પિતાશ્રી ધામમાં ગયા. દેવ્યાનીબેને નીડર અને શૂરવીર થઈને સ્કૂલમાં ફી માફ કરાવી. કોલેજમાં ભણતાં ત્યારે સાથે ટ્યુશન પણ કરતાં.

જ્યોતિબેન તારદેવથી અઠવાડિયામાં બે ત્રણ વખત ચીચબંદર આવતાં અને ત્રણ ચાર કલાક રોકાતાં. ઘરમાં બધાને સત્સંગ ને પ્રત્યક્ષની નિષ્ઠા દ્રઢ થતી જતી હતી. જ્યારે દેવ્યાનીબેનનો આદર્શ જુદો હતો. બી.કોમ ભણવું, કમાવવું પછી સત્સંગ કે ભજવાની વાત કરવી. એવામાં એક દિવસ જ્યોતિબેન ચીચબંદરથી તારદેવ જવા નીકળ્યાં. નીચે ઉતરવાનો દાદરો લગભગ પોણો તેઓ ઉતરી ગયાં હતાં ને એકદમ દેવ્યાનીબેન ત્યાં આવ્યાં. જ્યોતિબેને તેમની સામે જોયું ને અનાયાસે દેવ્યાનીબેનથી બોલાઇ ગયું કે, 'મારી સામે દ્રષ્ટિ રાખજો.' ને એ દ્રષ્ટિએ એવું કામ કર્યું કે પેલો આદર્શ ક્યાંય ભૂલાઇ ગયો ને કોલેજના બીજા વર્ષમાં જ નિર્ણય થઇ ગયો કે 'મારે ભગવાન ભજવા છે.' આ છે જ્યોતિબેનની દ્રષ્ટિનાં કામણ. ને જ્યોતિબેને તે દિવસથી ૫૧ માળા કરવાની આજ્ઞા આપી. તેમણે ખૂબ વફાદારીથી આ આજ્ઞા પાળી.

૧૯૬૮ની સાલમાં દિવાળી વેકેશનમાં દેવ્યાનીબેન વિદ્યાનગર જ્યોતમાં આવ્યાં. અચાનક જ તેમને પાછાં મુંબઇ જવાનું થયું. જ્યોતિબેન તેમને પ્રભુકૃપામાં ગુરૂહરિ પપ્પાજીના દર્શનાર્થે લઇ ગયા. પપ્પાજીએ વચનામૃત સમજાવ્યું ને તેમના આત્મામાં દ્રષ્ટારૂપે સ્થાન લઇ લીધું. તે દિવસે જ દેવ્યાનીબેને પપ્પાજીને પૂછ્યું કે, 'હવે મારે આગળ શું ભણવાનું છે?' પપ્પાજી કહે, 'તને કવિ જેવા વિચારો આવે છે ?' તો તેમણે ના પાડી. આથી પપ્પાજી કહે, 'તો B.Com. કરો.' આમ, પપ્પાજીની આજ્ઞાથી B.Com. ભણ્યાં. તેઓ ભણતાં હતાં ને ત્યારે જ પપ્પાજીએ પત્ર લખ્યો કે, 'દેવ્યાની ! એક નંબરની ઓફિસ તારા માટે છે.' ને ભણીને આવ્યા ને તરત જ ૧૯૭૧માં કાષાંબરી દીક્ષા આપી. ત્યારથી આજ દિન સુધી ખંતથી, ખપથી, ગરજુ થઇને પપ્પાજી સમક્ષ દ્રષ્ટિ રાખીને સેવા કર્યા જ કરે છે ને પપ્પાજીના વિશ્ર્વાસુ સેવક બની સહુ સ્વરૂપોને નિશ્ચિંત કરી દીધા.

જીવનમાં અનેક પ્રસંગો આવ્યા પણ ભજનથી ઉકેલ લાવ્યા. બાની રૂમ એ એમની અક્ષરડેરી. ત્યાં બેસીને સંકલ્પ કરે ને બાને કહે કે, બા તમારે આ કામ કરવાનું છે જો નહીં કરો તો તમારી લાજ જશે. આમ, ભજનથી હરેક કાર્ય કર્યું છે. શરૂઆતમાં ઓફિસની સેવા સાથે જ્યોતિબેનના સેવક, પ્રભુકૃપાના કપડાં ધોવાની સેવા તથા રાત્રે પૂ. ગંગાબાના પગ દબાવીને સૂવાની આજ્ઞા સારધાર પાળી. દરેક મુક્તને રાજી કરી લેવાની જ ધખણા. જ્યોતના હરેક ક્ષેત્રમાં નાની વસ્તુથી માંડીને મોટી મોટી મશીનરીઓની ખરીદીમાં તેઓ ઝીણવટથી ભાગ લે. અને બહેનોને કેમ કરીને સરળતાથી સેવા કરી શકે એવું અનુસંધાન રાખે. ને કેમ કરીને બહેનો સુખ, શાંતિ, આનંદથી ભગવાન ભજે તેવી તેમની ભાવના છે. તેમણે ૧૮ કલાક સેવા કરી છે. તેમના આશ્રિત ચૈતન્યોને પપ્પાજીએ કહ્યું હતું કે, 'દેવ્યાનીને તમે સાથ આપશો તો તેની સેવાનું અડધું ફળ તમને મળશે.' આથી તે ચૈતન્યો પણ તેમને સમજવા ને સાથ આપવા તત્પર રહેતાં.

આમ, દેવ્યાનીબેને સેવા અને ભજન ખૂબ કર્યા છે. ને સ્વધર્મનિષ્ઠ પણ એટલા જ. તેમને સેવા કરવામાં ક્યારેય થાક કે આળસ નહીં. તેમને તેમનો દેહ ક્યારેય આડો આવ્યો નથી. બહેનોના સુખમાં પોતાનું સુખ માન્યું છે. ખૂબ હાશ લીધી છે ને ખૂબ પ્રાપ્તિ કરી છે. આવા મહાન મુક્તો આપણને મળ્યાં છે એ જ આપણું અહોભાગ્ય છે ને પપ્પાજીની કૃપા છે.

તો આવા દેવ્યાનીબેનને અમ સહુ સાધકોના કોટિ પ્રણામ !!!



## ૭૮. પૂ. સુમિત્રાબેન પટેલ (સુમાબેન)

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. મણીબેન |
| પિતાનું નામ | : | પૂ. મધુભાઇ |
| ભાઇ | : | પૂ. હરિકૃષ્ણભાઇ |
| બહેન | : | - |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | હિન્દુ લેઉવા પટેલ |
| અભ્યાસ | : | S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૧-૧૨-૧૯૬૯ |
| વ્રતધારણ દિન | : | ૦૧-૦૮-૧૯૭૨ |
| કેન્દ્ર નંબર | : | ૭૨ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : ગુરૂનું નીચું ન પડવા દેવું.**

પૂ. સુમાબેનના ઘરમાં શાસ્ત્રીજી મહારાજના વખતથી સત્સંગ હતો જ. પ.પૂ.કાકાશ્રી, પ.પૂ.પપ્પાજી પણ વારંવાર તેમના ઘરે આણંદ આવતાં હતાં.

સુમાબેન ખૂબ જ નાના હતાં. તેમના હાથની હથેળીમાં કણી અને કાંટા જેવું થયું હતું. એ જ અરસામાં પપ્પાજી આણંદ મંદિરે યોગીબાપાના દર્શન કરવા મુંબઈથી આવ્યા. જોગીબાપા મંદિરમાંથી પધરામણીએ ગયા હતા તેથી પપ્પાજી મંદિરની સામે તળાવની પાળ પર બેઠા હતા. મણીબેને સુમાબેનને કહ્યું કે, 'જો, તળાવની પાળ પર બાબુકાકા બેઠા છે એને તારી હથેળી બતાવી આવ. સુમાબેન દોડતાં ગયાં ને કહે, 'બાબુકાકા, જુઓને મારી હથેળીમાં કેવું છે ?' પપ્પાજીએ

હથેળી પર હાથ ફેરવીને કહ્યું કે, 'જા, આવચી બાવચી પીજે એટલે મટી જશે.' તેમણે ઘરે આવીને મણીબેનને કહ્યું ને તકમરીયા પીધા ને મટી ગયું ત્યાર પછી ફરી ક્યારેય તે થયું નથી.

મણિબેને ૧૯૬૦માં ગોંડલ મંદિરે (ડેરીએ) સંકલ્પ કર્યો કે, 'મારે એકાંતિકપણું સિધ્ધ કરવું છે.' ને બાપાને હાક મારી કે, મેં આ પ્રારબ્ધ ઉભું કર્યું છે તે તમે લઇ લો. તેમના સંકલ્પે બપોરે સુમાબેન ગોંડલ હોલમાં સૂતાં હતાં ને ઉંઘમાં જ ઘાટ બાજુ જવા લાગ્યા. ત્યાં નાહવા પડ્યા ને ડૂબવા લાગ્યા ને જાણે ભગવાને જ તેમને ઉંચકીને બહાર મૂકી દીધા ને પાછા આવીને હોલમાં સૂઇ ગયા. સુમાબેનને પોતાને તો આવું કાંઇ બન્યું તેની કાંઇ જ ખબર ન હતી.

૧૯૬૪ની સાલમાં જોગીબાપાએ મધુભાઇને કહ્યું, 'સાધુ થશો ?' મધુભાઇ કહે, 'હા પણ બાપા મારા કુટુંબનું શું ?' બાપા કહે, 'એ બધું ધોકાપંથી બાબુભાઇને સોંપી દો.' એટલે મધુભાઇ પપ્પાજી પાસે આવ્યા ને વાત કરી. પપ્પાજી કહે, 'હા. હું જવાબદારી લઉં છું. પણ એક શરતે કે સાધુ થયા પછી પાછા નહીં આવવાનું.' આમ, મધુભાઇ સાધુ થયા. મધુભાઇ પૂ. મહંતસ્વામીજીના પૂર્વાશ્રમના મોટાભાઇ થાય. ને ૧૯૬૬માં મણિબેન અને સુમાબેન તથા હરૂભાઇ વિદ્યાનગર જ્યોતમાં બહેનો સાથે રહેવા આવી ગયાં. પહેલાં પ્રભુકૃપામાં રહેતાં હતાં પણ ભાઇઓની અવર – જવર વધતાં પપ્પાજીની આજ્ઞાથી પૂ. દયાબેન સાથે ઉપરના હોલમાં ભણનારી બહેનો સાથે રહેવા ગયાં. હરૂભાઇ તો પહેલેથી જ પૂ. શાંતિભાઇ સાથે જ રહેતાં હતાં. સુમાબેને S.S.C. ની પરીક્ષા આપી. ત્યાર પછી છ મહિના પપ્પાજીની સેવામાં રહ્યાં. દયાબેન સાથે આત્મીયતા થઇ ગઇ હતી ને ગુરૂહરિ પપ્પાજીએ ૧૯૬૯માં આત્મામાં સ્થાન લીધું. દયાબેનનો જીવનમાં ગુરૂ તરીકે સ્વીકાર થયો. આથી દયાબેન પપ્પાજીની સેવા કરતાં હતાં સાથે – સાથે સુમાબેન પણ કરતાં જ હતાં.

અહીં આવ્યા પછી તેમના દાદા સુમાબેનને અને હરૂભાઇને લેવા આવ્યા ને કહે, 'તમને બંનેને પાળજ ઘરે લઇ જવા છે.' પપ્પાજી કહે, 'સુમા નહીં આવે. હરૂને લઇ જવો હોય તો લઇ જાવ.' આમ પપ્પાજીએ જ જગતમાંથી તેમની રક્ષા કરી. બીજી વખત પાછા સુમાબેનને લેવા આવ્યા, ચાલ તને પરણાવી દઇશ.

સુમાબેન કહે, 'મારે તો ભગવાન ભજવા છે પણ તમે મને પરણાવો ત્યારે બધું આપો તેવું જ બધું મને આપશો ?' દાદાએ 'હા' પાડી ને પાળજમાં વિદાય સમારંભ ગોઠવ્યો. ધામધૂમથી વળાવ્યા ને ખુલ્લી ગાડીમાં બેસાડીને આખા ગામમાં ફેરવ્યાં. આમ જ્યોતમાંથી આવી રીતે વિદાય લેનાર પ્રથમ સુમાબેન હતાં. વિદાય સમારંભમાં જ્યોતનાં બહેનો, ભાઈઓ અને ચૈતન્ય માધ્યમોને આમંત્રણ આપ્યું હતું ને ધામધૂમથી દાદાએ વિદાય આપી. સૌ પ્રથમ મહાપૂજા કરીને લાવનાર પ્રથમ બહેન સુમાબેન હતાં.

૧૯૭૨માં જ્યોતમાં કાષાંબરી દીક્ષા લીધા પછી સુમાબેનને સ્કીનમાં શિળશ બહુ નીકળતું તેથી સમયસર ટુકડીમાં જવાય નહીં. આથી ટુકડીના હેડ તેમને ટોકે. તેમણે પપ્પાજીને વાત કરી. પપ્પાજી કહે, 'નિર્દોષબુધ્ધિ રાખજે તારે બીજી કોઈ સેવાની જરૂર નથી. આ મેં મૂક્યુ છે ને હું મટાડીશ ત્યારે જ મટશે.' આમ, સુમાબેનને હિંમત આપી ને પોતાનું સર્વોપરીપણું બતાવ્યું.

એક વખત સુમાબેન જ્યોતમંદિર પાસે ચીકુડી હતી તેના પર ચડીને ચીકુ તોડતાં હતાં, ત્યાં વાંદરા આવ્યા ને તેઓ ઝડપથી નીચે ઉતરી ગયા. આ વાત એક બહેને પપ્પાજીને કરી તો પપ્પાજી કહે, 'સુમામાં એટલી સંકલ્પશક્તિ છે કે તેણે વાંદરા સામે જોયું હોત તો વાંદરા ત્યાં જ સ્થિર થઈ જાત.' પપ્પાજીના સબંધે મુક્તો આવા તો આ પપ્પાજી કેવા !!!

સુમાબેને સવારનું રસોડું, સાંજનું રસોડું, સિવણ ડેકોરશન, મંદિર, સફાઈ, કોઠાર, તથા યુવતી, કિશોરી, બાલિકા મંડળના હેડ વગેરે ક્ષેત્રમાં સેવા આપી છે. રમત ગમતમાં પણ ખૂબ હોંશિયાર. ક્રિકેટ રમાડે ત્યારે બહેનો પ્રેકટીસ કરવા જાય ત્યારે તેમને શીખવાડે અને ફાઈનલ રમાય ત્યારે અમ્પાયર તરીકે બહુ વર્ષો સેવા કરી છે. આનંદબ્રહ્મ કમિટીના સભ્ય પણ છે. અત્યારે દયાબેનના સેવક તથા સુશોભન વિભાગમાં સેવા આપી રહ્યાં છે. તેઓ હોંશિયાર પણ ખૂબ છે પણ ક્યારેય તેનો દેખાડો નહીં. છૂપા ને મૌન રહી સેવા કર્યા કરે.

આવા સુમાબેનને અમ સહુ સાધકોની ભાવે વંદના !!!